EDII

Sandesh

December 6, 2016
Page No. 3

### ગ્રેજ્યુએટને નોકરી માટે તાલીમ ભણશે

# સ્નાતકોમાં રોજગારલક્ષી સજ્જતા કેળવવા ફિનિશિંગ સ્કૂલો બનાવાશે

ગાંધીનગર, તા. ૫

આર્ટ્સ, સાયન્સ અને કોમર્સ ગ્રેજ્યુએશન પછી કારકિર્દી માટે બહાર આવતા ગુજરાતી યુવાનો સજ્જ હોય તો રોજગારીની તકો ઝડપી ઉપલબ્ધ થાય. આથી, ગુજરાત સરકારે શૈક્ષણિક સંસ્થાઓની અંદર જ સ્નાતકના અંતિમ વર્ષે વિદ્યાર્થીઓને રોજગારલક્ષી સજ્જતા કેળવવા ફિનિશિંગ સ્કૂલોની રચના કરવાનો નિર્ણય કર્યો છે.

ટેલિકોમ, બેન્કિંગ, હોસ્પિટાલિટી, ટૂરિઝમ, મોબાઈલ સર્વિસિસ, ટ્રાન્સપોર્ટિંગ, એપરલ, ફાર્મિંગ, ઈ-કોમર્સ જેવા અસંખ્ય નવા સેક્ટરોમાં માર્કેટિંગના દષ્ટિકોણથી રોજગારીની વ્યાપક તકો છે. પરંતુ, ગુજરાતી યુવાનો સ્નાતકની પદવી મેળવ્યા બાદ ચોક્કસ માર્ગદર્શન વધારાની ટ્રેઈનિંગને અભાવે સફળ રહેતા નથી. તેની સામે પરપ્રાંતના યુવાનોની વાક્પટુતા, ઈંગ્લિશ અને ટેક્નોલોજીની માહિતીને કારણે સફળ બની રહ્યા હોવાની વ્યાપક રજૂઆતોને પગલે રાજ્યના ઉચ્ચશિક્ષણ વિભાગે ગુજરાતની તમામ કોલેજો, ઈન્સ્ટિટ્યૂટમાં 'ફિનિશિંગ સ્કૂલ' શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. આવી સ્કૂલોમાં વિદ્યાર્થીઓને સ્નાતકના છેલ્લા વર્ષમાં રસ-રુચિ મુજબ જે તે સેક્ટરમાં કેરિયર બનાવવા માર્ગદર્શન આપવામાં આવશે. માત્ર માર્ગદર્શન જ નહીં, આઈઆઈએમ, આઈઆઈટી, આંત્ર્યપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા- ગાંધીનગરના ટેક્નોક્રેટ, હ્યુમન રિસોર્સ ક્ષેત્રના તજજ્ઞો દ્વારા વિદ્યાર્થીઓને ટ્રેનિંગ પણ આપવામાં આવશે. આ વ્યવસ્થા કોલેજોના કેમ્પસમાં જ કરવા માટે શિક્ષણ વિભાગે જોરશોરથી તૈયારી શરૂ કરી છે. નવા વર્ષના આરંભે પસંદગીની

## કેમ્પસમાં કોચિંગ, ટ્રેનિંગ સાથે કેરિયર બનશે

માર્કેટમાં ઘણા એવા ટ્રેન્ડ છે જે સમયાંતરે બદલાય છે ટેક્નોલોજી બદલતા તેની માર્કેટિંગ પોલિસીમાં પણ બદલાવ આવે છે. કેમ્પસમાં આવા ટ્રેન્ડને આધારિત કોચિંગ અપાશે ''ફિનિશિંગ સ્કૂલ માટે ૨૦ કેમ્પસ નક્કી કર્યા છે. એક પ્રકારના કેરિયર કાઉન્સિલિંગ સેન્ટરમાં કોમ્યુનિકેશન, પર્સનાલિટી ડેલપમેન્ટ માસ્ટર ટ્રેનર્સ દ્વારા યુવાનોને ટ્રેઈન કરવાના આ કોન્સેપ્ટની શરૂઆત જાન્યુઆરી'૧૭ સુધીમાં થશે''

- અંજુ શર્મા, અગ્રસચિવ.
ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ.